૫૦૨/૩,૯૭૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૬ જૂન, ૨૦૧૩)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પરિચય - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

**વિભાગ - ૧ : કિશોર સત્સંગ પરિચય - દસમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૯**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આજથી બધું જ્ઞાન તને સિદ્ધ છે.'' (૮૦)

૨. ''તમોને મુશ્કેલી આવે ત્યારે 'સ્વામિનારાયણ'ને સંભારજો.'' (૧૦)

૩. ''નાનું મંદિર કરજો.'' (૨૨)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. કુશળકુંવરબાના અંતરમાં અપાર શાંતિ થઈ. (૭૨)

૨. હવેલીમાં સભામાં બેઠેલા હરિભક્તને શંકા ગઈ. (૯૧)

૩. રાજકુમારે આંખો બંધ કરી દીધી. (૧૪-૧૫)

**પ્ર.૩** 'કુસંગ' (૪૦-૪૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. કયા ધર્મને અનુસરવાથી મોક્ષ થાય છે ? (૮૫)

૨. સારંગપુર મંદિર માટે કોણે કેટલી જમીન આપી ? (૨૭)

૩. મોટાં રામબાઈ કયા ગામના અને કોનાં દીકરી હતા ? (૧૮)

૪. હિમરાજ શાહના ત્રણે દીકરા અને ભત્રીજાને શ્રીજીમહારાજે શું શું આપ્યું ? (૪૭)

૫. દૃઢતાપૂર્વક નિયમપાલન કરવાથી શું થાય ? (૬૬)

**પ્ર.૫** 'વિષયને માર્ગે.....' (૮૧-૮૨) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. મોટા મુનિવર ....... કરી સંભારે (૫૬-૫૭)

૨. પવિત્ર દેહે ....... મુખથી કહેતા. (૧૪)

૩. शरणागतपाप ........ भजे सदा ॥ (૩૨)

૪. ध्यायतो विषयान्पुंसः ........ त्क्रोधोऽभिजायते ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર લખો. (૮૮)

**વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત - અગિયારમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૧૧**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''એણે કેનો બાપ માર્યો હશે કે એને સત્સંગ બહાર કર્યો ?'' (૩૦)

૨. ''કામ કરતા જવું ને ભગવાન ભજતાં જવું.'' (૪૭)

૩. ''એ તો જે મરણિયો થાય અને દેહ-ઇન્દ્રિયોના ચૂરેચૂરા કરી અમારી પાસે રહે તેને મળે.'' (૭-૮)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'પ્રાગજી તો નિર્દોષ છે.' (૧૮)

૨. કમા શેઠે પ્રાગજી ભક્તની માફી માગી ધોતિયું ઓઢાડ્યું. (૨૪)

૩. ભગતજીના હેતવાળા સંતોને સત્સંગમાંથી દૂર કર્યા. (૩૭)

**પ્ર.૯** 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુપદે' (૩૪-૩૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. અંતિમ મંદવાડ સમયે ભગતજીએ કોને ક્યાં આવવાની ના પાડી ? (૫૬)

૨. બાલમુકુંદ સ્વામીએ ડૉ. ઉમિયાશંકરને ભગતજી માટે શું કહ્યું ? (૫૧)

૩. ચૂનો બનાવવા કોઈ તૈયાર કેમ ન થયું ? (૧૧)

૪. વડોદરાના હરિભક્તોને ગોપાળાનંદ સ્વામીએ શું કહ્યું હતું ? (૫)

૫. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને આપેલો કોલ કેટલા વર્ષે પૂરો થયો ? (૨૦)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પરિચય-૨''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. જૂનાગઢમાં અપૂર્વ સન્માન (૫૧)

(૧) ☐ સં. ૧૯૫૩, જન્માષ્ટમી

(૨) ☐ કૃષ્ણજી અદા અને ભગતજી એકબીજાના આસને જતા અને કથાવાર્તા કરતા.

(૩) ☐ યજ્ઞપુરુષદાસજીએ આચાર્ય મહારાજને મળીને આજ્ઞાપત્ર લખાવ્યો.

(૪) ☐ ગ્રંથિઓ તૂટવી ઘણી સરળ છે.

૨. જન્મ અને બાળચરિત્રો (૧)

(૧) ☐ જન્મ : સં. ૧૮૮૬, ફાગણ સુદ પૂનમ (૨) ☐ પ્રાગજી ભક્ત હનુમાનજીની હંમેશાં સેવા કરતા.

(૩) ☐ પિતાનું નામ ગોવિંદભાઈ (૪) ☐ યોગેશ્વરાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા.

૩. સાધુનો કસબ જેણે સિદ્ધ કર્યો હોય (૧૭)

(૧) ☐ તેને અને ભગવાનને છેટું રહેતું નથી. (૨) ☐ આવા ભક્ત અનેક જીવોના દુઃખ હરે છે.

(૩) ☐ પંચવિષયમાંથી તેની વૃત્તિઓ પાછી વળે છે. (૪) ☐ પોતાનામાં સૌને જોડે છે.

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના અમીન હરિભક્ત આચાર્ય જટાશંકરે પોતાના શિષ્ય મણિલાલ ભટ્ટને કહ્યું, આ જાગા ભક્ત જેવા મોચી ગાદી ઉપર બેસે અને આચાર્ય એમને દંડવત્ કરે છે.

જવાબ : **જૂનાગઢમાં અપૂર્વ સન્માન :-** જૂનાગઢના **નાગર** હરિભક્ત **ડૉ. ઉમિયાશંકરે** પોતાના **ગુરુ બાળમુકુંદદાસજીને પૂછ્યું,** આ **પ્રાગજી ભગત** જેવા **દરજી ઢોલિયા** ઉપર બેસે અને **સંતો** એમને દંડવત્ કરે છે.

૧. **સાક્ષાત્કાર :** નવમા દિવસની રાત્રે તેમને ધ્યાનમાં અતિશય પ્રકાશ દેખાયો અને તેમાં શ્રીજીમહારાજની સૌમ્ય ને મનોહર મૂર્તિનાં દર્શન થયાં. શ્રીજીમહારાજે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. (૨૦)

૨. **પ્રાગજી ભક્ત દ્વારા પ્રગટપણું :** ગણોદમાં આસો સુદ ૧૫ને રાત્રે પોણા વાગે સ્વતંત્ર થકા દેહ મૂકીને સ્વામી અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં બિરાજ્યા. (૩૧)

૩. **અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ :** ગઢડાના બાવાખાચરે સ્વામીને પ્રાર્થના કરી કે ''ધિંગાણાનાં (લડાઈનાં) સ્વપ્નાં આવે છે.'' ત્યારે સ્વામીએ તેમને જૂનાગઢ સાથે આવવા આજ્ઞા કરી. (૨૩)

૪. **સત્સંગમાં સ્વીકૃતિ :** ગઢડામાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિએ અમદાવાદના કોઠારી ગોરધનભાઈના ભત્રીજા બેચર ભગતને પ્રાગજી ભક્ત પરમ એકાંતિક ભક્ત છે એમ ઓળખાવ્યા. (૩૨)

૫. **ભગતજીનું આકર્ષણ :** પોતાના સમાગમમાં અખંડ રહેતા કેટલાક ગૃહસ્થ હરિભક્તોને ભગતજી ભાગવત ધર્મનો નિયમ આપતા અને નિર્વાસનિક કરતા. (૪૬-૪૭)

૬. **અંતિમ લીલા :** શેત્રુંજી નદીને કાંઠે મૂળચંદ શેઠની વાડીમાં ભગતજીના પંચભૌતિક દેહનો અગ્નિસંસ્કાર હજારો હરિભક્તોની હાજરીમાં થયો. (૫૬)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૭ જુલાઈ, ૨૦૧૩ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**

☞ **અગત્યની જાહેરાત** **તમામ પરીક્ષાર્થીઓ આપણી સંસ્થાની નીચે દર્શાવેલી website - link પરથી જૂનાં વર્ષોનાં પ્રશ્નપત્રો તથા તેના ઉકેલપત્રો નિઃશુલ્ક ડાઉનલોડ કરી શકશે તથા તેની પ્રિન્ટ પણ કાઢી શકશે.**

**http://www.swaminarayan.org/satsangexams/pastpapers/index.htm**